## અમદાવાદ શહેરની માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી બાબત

*15/4/400: **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ** (સાબરમતી): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલી માધ્યમિક ગ્રાન્ટ–ઈન–એઈડ સ્કુલોમાં છેલ્લા બે વર્ષમાં ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન કુલ કેટલા શિક્ષકો વયનિવૃત્તિના કારણે નિવૃત્ત થયા, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલી માધ્યમિક ગ્રાન્ટ–ઈન–એઈડ સ્કુલોમાં છેલ્લા બે વર્ષમાં ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન કુલ **૬૨૫** શિક્ષકો વયનિવૃત્તિના કારણે નિવૃત્ત થયેલ છે. |
| (૨) ઉક્ત સ્કુલોમાં ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન નિવૃત્ત થયેલા શિક્ષકોની અવેજીમાં કેટલા શિક્ષકોને નિમણૂંક આપવામાં આવી, અને | (૨) અમદાવાદ શહેરની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન નિવૃત્ત થયેલા શિક્ષકોની અવેજીમાં નિયમિત શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી **૬૨૫** પ્રવાસી શિક્ષકોને નિમણૂંક આપવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જો ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન નિવૃત્ત થનાર શિક્ષકોની અવેજીમાં ભરતી ન કરી હોય તો વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યને અસર ન થાય તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે? | (૩) ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન નિવૃત્ત થનાર શિક્ષકોની સામે જ્ઞાનસહાયકોને નિમણૂંક આપવામાં આવેલ. જે અન્વયે અમદાવાદ શહેરમાં માધ્યમિક વિભાગમાં **૧૬૬** જ્ઞાનસહાયકોને નિમણૂંક આપવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યને અસર થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |